## હા... સાહેબ !

"આજે મારે આંગણે પધારશે..!!"

"ઓ હો..! નવરાત્રીના મોડ ઉપર આવી ગયા..!!"

"ના... સાહેબ... ના... આજે તો દેશના લોકલાડિલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જાપાનના પ્રધાનમંત્રી શિન્ઝો એબે પધારવાના છે..!! આનંદ આનંદ છે..!!"

"હા... હું સમજી શકુ છું તમારો હરખ..!!"

"આખુ ગુજરાત હરખમાં છે સાહેબ..! દેશમાં પહેલી બુલેટ ટ્રેન ગુજરાતમાં આવે છે..! વિકાસમાં એક નવું છોગુ ઉમેરાશે.... વટ પડશે વટ..!!"

"અરે... વાહ... તમારો ય વટ પડશે નહિ ને..?! અને મોદીનો ય પડશે..! અને તમારી પાર્ટીનો..."

"... હા... સાહેબ એ તો જે કામ કરે એનો જ પડે ને..?! વિરોધ કરે એનો ઓછો પડે..?!"

"વિરોધ અમે નથી કરતા..! વિરોધ તો તમારા ત્યાં જ છે..! મોદી સાહેબ વિદેશોમાં ફરી ભારતમાં રોકાણ કરવા વિદેશી કંપનીઓને આમંત્રણ આપી આવે છે..! અને તમારાવાળા જ રામદેવબાબા વિદેશી કંપનીઓને ભગાવવાની વાત કરે છે..!! એટલે આમાં સાચું કોણ..?! અને અમારે શું સમજવું..!?!"

"બહુ સીધુ સાદુ છે..! મોટા મોટા ઉદ્યોગોમાં પરદેશના પૈસા વાપરવા અને નાના-નાનામાં દેશના..!"

"ખરૂ છે હોં... તમારૂંય..!! મારૂ મારૂ એકલાનું અને તારામાં મારો ભાગ..!! અત્યાર સુધી અમને બનાવ્યા અને હવે... દુનિયાને બનાવવા નીકળ્યા છો એમજ ને..!?!"

"એવું કાંઈ નથી સાહેબ.... અમારે તો દેશનો વિકાસ કરવો છે..! મેટ્રો ને બુલેટથી દેશ ધમધમવો જોઈએ..!! મોટી-મોટી ઈમારતો અને મોટા-મોટા ઉદ્યોગો સ્થાપીને વિકાસ આકાશને આંબી જશે..!!"

"હા-હા... તમને તો ચૂંટણી આવે એટલે આ બધુ યાદ આવે છે..! ત્યારે તમને મેટ્રો યાદ આવે..!! બુલેટ ટ્રેન યાદ આવે... ખાતમુહૂર્ત યાદ આવે..!! દેશ-વિદેશના મહાનુભાવોને બોલાવી પ્રજાને આંજી નાંખવાનું યાદ આવે છે..!! અને જીતી ગયા પછી તો..!?!"

"આ તમારી પરંપરાગત વાણી છે..! અમારા સાહેબ અઢાર-અઢાર કલાક મહેનત કરે છે ત્યારે આટલો વિકાસ દેખાય છે..! અને તમે જુઓ તો ખરા..! દેશની તસ્વીર બદલાઈ છે - દેશની તાસીર બદલાઈ છે..!! આ મેટ્રો - આ બુલેટ ટ્રેન - આ મહાત્મા મંદિર - આ રિવર ફ્રન્ટ તમે સપનામાંય વિચાર્યું તુ..!!?"

"એવી તો વાત જ ના કરો... આ સંસદભવન, માર્ગો - નહેરો અને બંધો - શાળાઓ - મહાશાળાઓ - હોસ્પિટલો કેટકેટલુ અમારા સમયમાં થયું છે..! એટલે એવી બડાશ તો મારશો જ નહિ..! કોઈના ભાગ્યમાં ખાતમુહૂર્ત હોય તો કોઈના ભાગ્યમાં ઉદ્દ્ઘાટન..."

"કોણે શું કર્યું..?! કેવું કર્યું..?! એનો હિસાબ ના કરો... એ ના શોભે આપણને..."

● અનુસંધાન પાન-૭ પર

# મોદી-શિન્જોને આવકારવા શહેરમાં ધમધમાટ

**બે દેશોનાં વડાપ્રધાનની સલામતી માટે લોખંડી સુરક્ષા બંદોબસ્ત : ગાંધીનગર ખાતે યોજનાર વિવિધ કાર્યક્રમો સંદર્ભે ઉચ્ચ અધિકારીઓ સાથે સુરક્ષા અંગે સમીક્ષા બેઠક : સુરક્ષા માટે ૧ આઇજીપી, ૬ એસપી, ૨ એએસપી, ૩૫ ડીવાયએસપી, ૭૦ પીઆઇ, ૧૫૦ પીએસઆઇ સહિત ૧,૮૦૦થી વધુ પોલીસ કર્મીઓ તૈનાત : ૩૦૦ સીસી ટીવી કેમેરાથી સમગ્ર મહાત્મા મંદિર સર્વેલન્સ હેઠળ**








ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતની ભૂમિ ઉપર પ્રથમવાર એક સાથે ભારત અને જાપાનના વડાપ્રધાનના આગમનથી દેશ અને રાજ્યના બિઝનેસ ક્ષેત્રે નવો અધ્યાય ઉમેરાશે અને ગુજરાતનો વધુ સર્વાંગી વિકાસ શક્ય બનશે. ઈન્ડિયા-જાપાન એન્યુઅલ બિઝનેસ સમિટ-૨૦૧૭ને લઈને ગાંધીનગરમાં મહાત્મા મંદિર, રાજભવન અને રોડ એમ ત્રણ ભાગમાં સઘન સુરક્ષા-બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, તેમ આજે સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ મહાત્મા મંદિર ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે યોજેલી સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

જાડેજાએ કહ્યું હતું કે, સુરક્ષા અને સલામતીના ભાગરૂપે સમગ્ર ગાંધીનગરમાં સઘન સુરક્ષા વ્યવસ્થા કરાઈ છે. જેમાં ૧ આઈ.જીપી, ૬ એસ.પી., ૨ એ.એસ.પી., ૩૫ ડીવાય.એસ.પી., ૭૦ પી.આઈ, ૧૫૦ પી.એસ.આઈ. સહિત ૧,૮૦૦થી વધુ અધિકારી/પોલીસ કર્મીઓ તૈનાત રહેશે. આ બન્ને મહાનુભાવોની સલામતી માટે સ્થાનિક પોલીસ, એસપીજી અને જાપાન સુરક્ષા એજન્સીઓ સુરક્ષાના પ્રોટોકોલ મુજબ સજ્જ છે.

પ્રધાનમંત્રીના આગમનને લઈને મહાત્મા મંદિર, રાજભવન અને એરપોર્ટથી લઈને સમગ્ર રૂટ દરમિયાન સઘન સુરક્ષા વ્યવસ્થા કરાઈ છે. સમગ્ર મહાત્મા મંદિરનું ૩૦૦ જેટલા સીસીટીવી કેમેરા દ્વારા સતત મોનીટરિંગ કરવામાં આવનાર છે. ૧૦ જેટલા બેગેજ સ્કેનર, ડીએફએમડી અને એચએચએમડીથી ફુલ પ્રુફ ચેકિંગ કરવામાં આવશે.

મંત્રી જાડેજાએ મહાત્મા મંદિરમાં મેઈન કન્વેશન હૉલ, વીવીઆઈપી લોન્જ જેવા વિવિધ સ્થળોની રૂબરૂ મુલાકાત લઈને ઉચ્ચ અધિકારીઓ સાથે સલામતી અને સુરક્ષા અંગે વિગતે ચર્ચા કરીને સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવા જરૂરી સૂચનો કર્યા હતા.

આ મુલાકાત સમયે જીઆઈડીસીના એમડી શ્રીમતી ડી. થારા, ઉદ્યોગ કમિશનર શ્રીમતી મમતા વર્મા, ઈન્ડેક્ષ્ટ-બીના એમડી રાજકુમાર બેનિવાલ, કલેકટર સતિષ પટેલ, ગાંધીનગર રેન્જ આઈ.જી. આર.બી. બ્રહ્મભટ્ટ, પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રધાનમંત્રીના રૂટમાં ચાર ભયનજક વૃક્ષોની કટોતી

પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી શહેરમાં વિવિધ માર્ગો પર સફાઈ તેમજ વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ છે. ભારે વરસાદ બાદ શહેરમાં ઠેર ઠેર વૃક્ષોની ડાળીઓ નમી પડેલી હાલતમાં જોવા મળતી હતી. જયારે પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી તંત્ર તડામાર તૈયારીમાં વ્યસ્ત છે. શહેરના માર્ગો પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ છે. નગરના ગ માર્ગ ઉપરાંત રોડ નં -૫ ખ માર્ગ તેમજ કોબા હાઈવે સહીતના વિસ્તારમાં વૃક્ષોના ટ્રીમીંગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે.નડતર રૂપ ડાળીઓ દુર કરી દેવાઈ છે. પ્રધાનમંત્રીના રૂટમાં ભયનજનક માલુમ પડેલા ચાર વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. જેમાં રોડનં -૫ તેમજ ગ માર્ગ પરથી કુલ ચાર વૃક્ષો દુર કરાયા છે. પ્રધાનમંત્રીના રૂટમાં સ્થિત વૃક્ષોમાં સિકયુરીટી લાઈટ પણ મુકી દેવાઈ છે. રૂટમાં અંધારુ માલુમ પડે તેવા ઠેકાણે લાઈટો મુકી દેવાઈ છે. આ ઉપરાંત મુખ્ય માર્ગોની આસાપાસ સ્થિત રૂટમાં જરૂરી સફાઈ કરી દબાણો પણ દુર કરી દેવાયા છે.

## ત્રણ હજાર વિદ્યાર્થીઓ માનવસાંકળ બનાવી પી.એમ.ને આવકારશે

પ્રધાનમંત્રીના આગમનને વધાવવા સંપુર્ણ તૈયારી થઈ ચુકી છે. રૂટમાં જરૂરી સફાઈ તેમજ સલામતીના પરિબળોને ધ્યાને લઈ તંત્ર સંપુર્ણ સજ્જ છે. ત્યારે બન્ને દેશના પ્રધાનમંત્રીને આવકારવા વિવિધ ૧૦ પોઈન્ટ પર ભાતીગળ સંસ્કૃતિના વારસાની ઝાંખી કરાવતા નૃત્યો પણ કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. મધુર ડેરીથી લઈ ખ-૦ સુધીના રૂટમાં વિવિધ પોઈન્ટ પર વિવિધ વેશભુષામાં સજ્જ કલાકારો સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરશે. જયારે વિદ્યાર્થીઓ દ્વારા માનવ સાંકળ પણ કરવામાં આવશે. જેમાં અગાઉ ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ દ્વારા માનવસાંકળ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે હવે સલામતીના પરિબળને ધ્યાને લઈ વિવિધ પોઈન્ટ પર ત્રણ હજાર વિદ્યાર્થીઓ માનવસાંકળ બનાવીને પી એમને આવકાર આપશે.

## નીલગાયના આતંકને ધ્યાને લઈ ત્રણ પોઈન્ટ પર વનતંત્રના કર્મચારીઓની વોચ

ભારત તેમજ જાપાનના વડાપ્રધાન ગાંધીનગર અમદાવાદની મુલાકાતે આવવાના હોવાથી નગરને સુશોભિત કરવામાં આવ્યુ છે. નગરમાં સફાઈ તેમજ વૃક્ષોનુ ટ્રીમીંગ કરવા ઉપરાંત દબાણો દુર કરી દેવાયા છે. જયારે ગાંધીનગરના વિવિધ વિસ્તારમાં નીલગાયનો આતંક પણ વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે. નીલગાયના આંતકના લીધે અનેક નિર્દોષ નાગરિકો અકસ્માતને ભેટે છે. જયારે ગાંધીનગરના શહેરી વિસ્તાર ઉપરાંત કોબા માર્ગ પર નીલગાયના લીધે અકસ્માતો થતા હોવાના અનેક કિસ્સા ધ્યાને આવે છે.જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા આગોતરી તૈયારી કરી દેવાઈ છે. પ્રધાનમંત્રીના આગમન બાદ રૂટમાં ગમે ત્યારે નીલગાય ત્રાટકે નહીં તે માટે વનતંત્ર દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા વિવિધ ત્રણ ઠેકાણે સ્ટાફના કર્મચારીઓને ફરજ સોંપી દેવાઈ છે. વનતંત્રના ૨૩ કર્મચારીઓ ખડેપગે રહેશે. નીલગાયના આતંકને ધ્યાને લઈ કોબા રોડ, જ રોડ તેમજ નવા સચિવાલય સહીતના પોઈન્ટને આવરી લેવાયા છે. પ્રધાનમંત્રીના રૂટમાં કોઈપણ પ્રકારની અડચણને અવકાશ ન રહે તે માટે પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે.

# ....તો સામાન્ય સભાનો બહિષ્કાર કરીશુ : શૈલેન્દ્રસિંહ

**સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં જ સ્થાનિકોના વિકાસ અને કામો અંગે સામાન્ય સભામાં ચર્ચાને સ્થાન નથી તે પણ પાટનગરમાં આનાથી ગુજરાતમાં કમનસીબ ઘટના શું હોઈ શકે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકામાં વિકાસના પ્રજાલક્ષી પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે તેવી માંગ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ મેયર પ્રવિણ પટેલને પત્ર લખીને કરી છે તેમજ ચીમકી આપી છે કે નહિતર બપોરે સામાન્ય સભાનો બહિષ્કાર કરવાની ફરજ પડશે.

**શાસક પક્ષને માત્ર પોતાનો વિકાસ કરવામાં જ રસ હોય તેવુ લાગે છે પ્રજાનો નહિ : વિકાસના ઘણા બધા કાર્યો ટલ્લે પડ્યા છે**

વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ મેયરને લખેલા પત્રમાં એવો આક્ષેપ કર્યો છે કે ચાલુ વર્ષની ૭ સામાન્ય સભાઓમાં એક પણ વાર પ્રજાલક્ષી અભિગમની અને વિકાસની બાબતને લઈ ચર્ચા કરવામાં આવી નથી. આના પુરાવારૂપે તેમણે તેમના પત્રની સાથે ૭ એ સામાન્ય સભાના એજન્ડાની નકલ પણ મોકલી છે.

તેમણે કહ્યુ કે પાટનગરની મનપામાં જ પ્રજા કેન્દ્ર સ્થાને ન હોય એનાથી વધારે દુઃખદ બીજુ શું હોઈ શકે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં જ સ્થાનિકોના પ્રશ્નોને સ્થાન નહિ આપી સત્તાધીશો શું સાબિત કરવા માગે છે તે સમજાતુ નથી.

બિહોલાએ તેમના આ પત્રમાં એવો પણ આક્ષેપ કર્યો છે કે પ્રજાના વિકાસના ઘણા બધા કાર્યો ટલ્લે પડ્યા છે. કાઉન્સીલરો પોતાની ગ્રાન્ટ પણ વાપરી શકતા નથી. આ બધી સ્થિતિ ભાજપના સત્તાધીશો દ્વારા નિર્માણ કરવામાં આવી છે.

સ્થાયી સમિતિની બેઠકો ૧૫ દિવસના ગાળામાં ત્રણ વખત તો મહિનામાં ચાર બેઠકો પણ બોલાવવામાં આવે છે. આટલા બધા કામો હોય તો સામાન્યસભામાં મંજૂરી માટે કેમ રજુ કરવામાં આવતા નથી એ સમજાતુ નથી.

શાસક પક્ષને માત્ર પોતાનો વિકાસ કરવામાં જ રસ હોય તેવુ લાગે છે પ્રજાનો નહિ. તેમણે આ પત્રમાં લખ્યુ છે કે તમારા ભ્રષ્ટાચારનું સેટિંગ જે હોય તે સ્થાયી સમિતિમાં જ આટોપી લેવુ અને ૨૦મીની સામાન્યસભામાં અમને પ્રજાલક્ષી વિકાસ કામોની ચર્ચા કરવા માટે સમય ફાળવવો, જો આમ નહિ થાય તો ના છૂટકે અમારે સામાન્ય સભાનો બહિષ્કાર કરવો પડશે.





શહેરમાં તડામાર તૈયારીઓ - પ્રધાનમંત્રી મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્જોના આગમનના પગલે મંગળવારે આખો દિવસ પાટનગરના રાજમાર્ગો ધમધમતા રહ્યા... તમામ સત્તાતંત્રો વ્યસ્ત જણાતા હતા... રસ્તાની બંને બાજુ ઝીણી ઝીણી ગંદકી હટાવી સફાઈ પુરજોશમાં ચાલી રહી હતી... તો મોંઘેરા મહેમાનોને આવકારવા ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત રજૂ કરવા અલગ અલગ ૧૦ સ્થાનો પર સ્ટેજ નિર્માણ કરાયા છે... જેમાં કલાકારો અલગ અલગ કૃતિઓ રજૂ કરશે....

# બાપુ પહેલા નોરતાથી જ ગુજરાતમાં ગામે ગામ જશે

**જનસંપર્ક યાત્રા થકી પ્રજાના પ્રશ્નો માટે લડતના મંડાણ કરવાના મૂડમાં શંકરસિંહ વાઘેલા**

ગાંધીનગર, તા.૧૨

હવે લોકોના પ્રશ્નો એ જ મારૂ રાજકારણ કહી રાજકીય કંઠી પહેરીશ નહિ તેવી જાહેરાત કરનાર રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પહેલા નવરાત્રિથી જ લોકોના પ્રશ્નો માટે યાત્રા શરુ કરવા માટેનું મન બનાવી લીધું હોવાનું તેમના નિકટવર્તી વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

પોતાના વતના ઈષ્ટ દેવ વાસણિયા મહાદેવના દર્શન કરી પ્રજા સંપર્ક યાત્રાનો તેઓ શુભારંભ કરી જગત જનની મા અંબાના શકિતપીઠ પર શિશ ઝુકાવી અને પ્રજાના પ્રશ્નો માટે તેઓ રણ ટંકાર કરશે.

મળતા નિર્દેશો મુજબ તેઓ સોમનાથ દાદાના પણ દર્શને જવાના છે. અને રાજકોટમાં એક પત્રકાર પરિષદ કરે તેવી સંભાવનાઓ છે.

એવા પણ નિર્દેશ મળી રહ્યા છે કે વિજયાદશમીના દિવસે અમદાવાદ આવી તેઓ રાવણરૂપી જે પ્રશ્નો છે તે માટે તીરથી તેને વીધી આગામી દિવસોની તીખી લડાઈનો રણટંકાર કરશે. જનકારણ એ જ મારૂ રાજકારણ એવી ઘોષણા સાથે તેમને કોંગ્રેસને તેમનામાંથી મુકત કરવાની વાત કહી હતી. બાપુ તેમની આ જનસંપર્ક યાત્રા માટે એ જ તરવરાટ અને જુસ્સાથી તૈયારી કરી રહ્યા છે. તેઓ પુનઃ એકવાર ગુજરાતના ગામે ગામને ખુંદવા ઈચ્છી રહ્યા છે જેથી લોકોના મનમાં ઘરબાયેલા પ્રશ્નો માટે તેઓ લડત ચલાવી શકે અને તેમનું સમર્થન મેળવી શકે.





શહેર ઝળહળી ઉઠ્યું - મોદી - શિન્જોની ઐતિહાસિક યાત્રાને અંતરના ઉમળકાથી વધાવવા અમદાવાદ - ગાંધીનગર થનગનાટ અનુભવે છે... અમદાવાદના માર્ગો, બ્રિજ તથા સર્કલો પર ભવ્યાતીભવ્ય રોશની કરાઈ છે... અમદાવાદના ઈતિહાસમાં પ્રથમવાર આવો ઝળહળાટ શહેરીજનો અનુભવે છે... જાપાનના પ્રધાનમંત્રીને ગુજરાતના મહેમાનગતિની અનુભૂતિ કરાવવા બંને શહેરોને શણગારાયા છે... ગ્રામીણ અને પરંપરાગત મહોલનું ક્યાંક પ્રસ્તુત કરાયો છે તો ક્યાંક આધુનિકમાં આધુનિક ઉપકરણો પ્રદર્શિત કરાયા છે... આજકાલ અમદાવાદ અને ગાંધીનગરના નાગરિકો નવો જ માહોલ માણી રહ્યા છે...

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com